આકાશમાંના ઈશ્વરપિતાને ખબર છે કે તમને આ બધાની જરૂર છે. *(માથ્થી ૬ : ૨૫-૩૨).*

**સાચી સંપત્તિ**

પાઉલ નામના એક સંત, જેઓ ઈસુના શિષ્ય હતા, તેઓએ સાચી સંપત્તિ વિષે આ પ્રમાણે જણાવ્યું હતું.

અલબત્ત, પોતાની પાસે જે કંઈ છે તેનાથી વ્યક્તિ સંતોષી હોય, તો ધર્મ જરૂરથી વિશેષ સમૃધ્ધિ લાવે છે. આપણે આ દુનિયામાં શું લઈને આવ્યા છીએ? કંઈ જ નહિ! વળી, આ દુનિયામાંથી આપણે શું લઈ જવાનાં છીએ? કંઈ જ નહિ! તેથી આપણને ખોરાક અને વસ્ત્રો મળી રહે તો તેટલું બસ છે, પણ ધનવાન થવાની ઈચ્છા રાખનારાઓ કસોટીમાં પડે છે, અને ઘણી મૂર્ખ તથા હાનિકારક ઈચ્છાઓના ફાંદામાં ફસાઈ જાય છે, જે માણસને અધોગતિના અને વિનાશના માર્ગે ઘસડી જાય છે. કારણ, દ્રવ્યલોભ સર્વ પ્રકારનાં પાપનું મૂળ છે. ધનવાન થઈ જવાની તૃષ્ણામાં કેટલાક વિશ્વાસથી ભટકી ગયા છે, અને ઘણા દુ:ખોથી તેમનાં હ્રદય વીંધાયાં છે. આ યુગના ધનિકોને આજ્ઞા કર કે તેઓ ગર્વિષ્ઠ ન બને. ધન જેવી ક્ષણિક બાબતો પર નહિ પણ આપણા



ઉપયોગને માટે સર્વ કંઈ ઉદારતાથી આપનાર ઈશ્વર પર આશા રાખે, સારું કરે, સારાં કાર્યો કરવામાં ધનવાન બને, ઉદાર બને અને બીજાઓને મદદ કરવા તત્પર બને. આ રીતે તેઓ ભવિષ્ય માટે મજબૂત પાયારૂપ સારી સંપત્તિ પોતાને માટે એકઠી કરશે, અને એમ જે ખરેખરું જીવન છે તે તેઓ પ્રાપ્ત કરી શકશે. *(૧ તિમોથી. ૬ : ૬-૧૦; ૧૭-૧૯).*

**આપણે શું શોધવું જોઈએ?**

બાઈબલ જવાબ આપે છે:


તેથી ‘મને ખાવાપીવાનું અને પહેરવાનું ક્યાંથી મળશે?’ એમ કહીને ચિંતા કરશો નહિ. આ બાબતોની ચિંતા નિષ્ઠાહીનો જ કર્યા કરે છે. તમારા આકાશમાંના ઈશ્વરપિતાને ખબર છે કે તમને આ બધાની જરૂર છે. એટલે આ બધા કરતાં ઈશ્વરના રાજની અને તેમની માગણી પ્રમાણે વર્તમાન ઉત્કંઠા રાખો, એટલે તે ઉપરાંત તમને આ બધી બાબતો અપાશે. *(માથ્થી ૬ :૩૧-૩૩).*



*વધુ માહિતી માટે નીચેના સરનામે લખી જણાવશો:*

**બાઇબલ સોસાયટી ઓફ ઈન્ડિયા**
**ગુજરાત ઓક્ઝિલિયરી**
બાઈબલ હાઉસ, આઈ.પી.મિશન કમ્પાઉન્ડ,
ગુજરાત કૉલેજ પાસે, એલીસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.

*Published by:* **THE BIBLE SOCIETY OF INDIA**
*WHAT DO YOU SEEK? (EASA)*
Gujarati - 50R 0842/2019-20/25M
ISBN 81-221-3952-3  ISBN 978-81-221-3952-5



# આપ શું શોધો છો?

ભૌતિક સંપત્તિની ઝંખના એ માનવસ્વભાવ છે. સંપત્તિની લાલસા રાખનાર એવું ધારે છે કે આવી બાબતો તેમને સલામતી અને સુખની લાગણી આપી શકશે. પરંતુ વાસ્તવમાં એવું નથી. સંપત્તિ અને અન્ય જગિક વાનાંઓનો લોભ, વ્યક્તિગત આનંદ અને કૌટુંબિક સુમેળનો નાશ કરી શકે છે કારણ કે સાચું જીવન એ માત્ર માલમિલકત પર આધારિત નથી.

**મૂર્ખ ધનવાનની વાત**

આ સત્ય સમજાવવા માટે પ્રભુ ઈસુ એક વાર્તા જણાવે છે. "એકવાર એક ધનવાન માણસના ખેતરમાં મબલક પાક ઊતર્યો. તે પોતાના મનમાં વિચારવા લાગ્યો, 'મારું બધું અનાજ ભરી રાખવાને મારી પાસે જગ્યા નથી. હવે કરવું શું?' તેણે પોતાના મનમાં વિચાર્યું, 'હું આમ કરીશઃ મારા કોઠાર તોડી નંખાવીશ અને તેથી વધારે મોટા કોઠાર બંધાવીશ, અને ત્યાં અનાજ અને માલમિલકત રાખીશ. પછી મારી જાતને કહીશઃ હે જીવ! ઘણાં વર્ષો માટે તારે જે વસ્તુઓની જરૂર છે તે તારી પાસે સંગ્રહ કરેલી છે. હવે એશઆરામ કર, અને ખાઈપીને મજા કર!' પણ



ઈશ્વરે તેને કહ્યું, 'અરે મૂર્ખ! આજે રાત્રે જ તું મરી જઈશ, તો આ જે બધી વસ્તુઓ તેં તારે માટે સંઘરી રાખી છે, તે કોને મળશે?'"

ઈસુએ અંતમાં કહ્યું, "જે કોઈ પોતાના માટે સંપત્તિ એકઠી કરે છે, પણ ઈશ્વરની દૃષ્ટિમાં સંપત્તિવાન નથી, તેની આવી જ દશા થાય છે." *લૂક ૧૨:૧૬-૨૧*

**સંપત્તિની અનિશ્ચિતતા**

જેઓ જગિક ખજાનામાં કાયમી મૂલ્યો જોડે છે તેઓને આ ખજાનાની ક્ષણભંગુરતા સામે ઈસુ ચેતવણી આપે છે.

આ પૃથ્વી પર તમે ધન એકઠું ન કરો; જ્યાં કીડા અને કાટ તેનો નાશ કરે છે, અને લૂંટારાઓ લૂંટી જાય છે. પણ તમે આકાશમાં ધન એકઠું કરો કે જ્યાં કીડા કે કાટ નાશ કરી શકતા નથી અને લૂંટારાઓ લૂંટી શકતા નથી. કારણ જ્યાં તમારું ધન હશે ત્યાં જ તમારું મન રહેશે. *(માથી ૬ઃ ૧૯-૨૧)*

**સાચો ખજાનો શોધીએ**

સાચો અને ટકી રહેનાર ખજાનો શોધવા પરનો ઈસુનો ભાર આપણને જીવનમાં ચેતવણી સમાન બનવો જોઈએ. તે આપણને ખાતરી આપે છે કે જેઓ પ્રામાણિકતાથી તેને શોધે છે તેઓને તે મળશે.



"ઈશ્વરના રાજની સરખામણી આ રીતે કરી શકાયઃ એક માણસને ખેતરમાં સંતાડેલો ખજાનો મળતાં તે તેને ફરી સંતાડી દે છે, અને એકદમ આનંદમાં આવી જઈને પોતાનું સર્વસ્વ વેચી નાખી તે ખેતર વેચાતું લઈ લે છે.

ઈશ્વરના રાજની સરખામણી આ રીતે કરી શકાયઃ સારાં મોતી ખરીદનાર વેપારીને ઉત્તમ મોતી મળી જતાં તે પોતાનું સર્વસ્વ વેચી દે છે અને પેલું મોતી ખરીદી લે છે." *(માથ્થી ૧૩ઃ ૪૪-૪૫)*

"માગો તો તમને મળશે, શોધો તો તમને જડશે અને ખટખટાવો તો તમારે માટે ઉઘાડવામાં આવશે. કારણ, જે કોઈ માગે છે તેને મળે છે, શોધે છે તેને જડે છે અને ખટખટાવે છે તેને માટે ઉઘાડવામાં આવશે *(માથ્થી ૭ઃ ૭-૮)*.

**આપણી કાળજી માટે ઈશ્વરની ખાતરી**

ઈસુએ શીખવ્યું કે દુન્યવી ઈચ્છાઓથી સાચા અર્થમાં છૂટકારો માત્ર એ જ લોકોથી મેળવી શકાય છે કે જેઓ પોતાની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો માટે ઈશ્વરની કાળજીમાં ભરોસો રાખતા હોય. શાશ્વત સુખ માટે આ એક વાસ્તવિક આધાર છે.



"એ માટે હું કહું છુંઃ જીવવા માટે ખાવાપીવાની અને શરીર માટે વસ્ત્રોની ચિંતા ન કરો. શું જીવન ખોરાક કરતાં વધુ કીમતી નથી? અને શરીર વસ્ત્રો કરતાં વધુ મૂલ્યવાન નથી? આકાશમાં ઊડતાં પંખીઓ જુઓ! તેઓ બી વાવતાં નથી કે કાપણી કરીને કોઠાર ભરતાં નથી; છતાં આકાશમાંના તમારા ઈશ્વરપિતા તેમની કાળજી રાખે છે. શું તમે પંખીઓ કરતાં વધુ મૂલ્યવાન નથી? ચિંતા કર્યા કરવાથી તમારામાંનો કોણ પોતાના આયુષ્યમાં થોડીક વધુ ક્ષણો ઉમેરી શકે છે?

વળી, તમે વસ્ત્રોની ચિંતા કેમ કરો છો? વનવગડાનાં ફૂલો કેવાં ખીલે છે તે જુઓ! તેઓ શ્રમ કરતાં નથી કે પોતાને માટે કપડાં સીવતા નથી. હું તમને કહું છું કે શલોમોન રાજા ઘણો ધનવાન હોવા છતાં તેની પાસે આ ફૂલો જેવાં સુંદર કપડાં નહોતાં! આ જંગલી ઘાસ જે આજે છે, કાલે સુકાઈ જવાનુ ને પછી બાળી નંખાવાનું છે તેને ઈશ્વર આટલું સજાવે છે, તો શું તે તમને વસ્ત્રો નહીં પહેરાવશે?

તેથી 'મને ખાવાપીવાનું અને પહેરવાનું ક્યાંથી મળશે?' એમ કહીને ચિંતા કરશો નહિ. આ બાબતોની ચિંતા નિષ્ઠાહીનો જ કર્યા કરે છે. તમારા